| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૩૦/૧૨/૨૦૧૪ | | |
| દાખલ તારીખ | : | ૩૦/૧૨/૨૦૧૪ | | |
| ફેંસલ તારીખ | : | ૧૫/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૧૧ | ૦૩ | ૧૬ |

## મે. જંબુસરના એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં. મુ. જંબુસર.

**ફોજદારી કેસ નંબર : ૧૮૭૪/૨૦૧૪**
**આંક :– પર**

**ફરીયાદી** : શ્રી સરકાર,
જંબુસર પોલીસ સ્ટેશન,
તા. જંબુસર, જિ. ભરૂચ.

**વિરુધ્ધ**

**આરોપી** : **અમરસંગ બુધાભાઈ પઢિયાર,**
ઉ. વ. પુખ્ત, ધંધો – ડ્રાઈવીંગ,
રહે. ઉબેર ભોટુ વગો, તા. જંબુસર,
જિ. ભરૂચ.

**ગુન્હો : ઈ. પી. કો. કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮, તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ**

| | |
|---|---|
| // | ફરીયાદી તરફે વિ. એ.પી.પી............ શ્રી વી. આર. પંચાલ // |
| // | આરોપી તરફે વિ.વ...................... શ્રી જે.એ.મિસ્ત્રી // |

**:: જજમેન્ટ ::**

## (૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકિકત :–

ફરીયાદપક્ષની કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૭/૧૦/૧૪ ના કલાક ૯:૩૦ વાગ્યા સુમારે કાવી રોડ ઉમરા–નોબાર ગામના વચ્ચે રોડ ઉપર નાળા પાસે પોતાના હવાલાવાળુ ટ્રેકટર નં. જીજે–૧૬–એફ–૬૬૭ નુ ગફલતભરી રીતે હંકારી રોડ સાઈડે મુકવા જતા ટેન્કર સાથેનુ ટ્રેકટર પલ્ટી ખવડાવી સાહેદ મુકેશભાઈ બાબુભાઈનાને ટ્રેકટર નીચે દબાવી દઈ મોત નિપજાવી, આરોપીએ ઈ.પી.કો કોડની કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮, તથા એમ. વી. એકટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાનો આરોપ છે.

## (૨) પોલીસ કાર્યવાહી :–

આમ, ઉપરોકત હકિકત મુજબની ફરીયાદ ફરીયાદીએ જંબુસર પો. સ્ટે. માં દાખલ કરતાં જંબુસર પો. સ્ટે. ગુ. ર. નં. ફર્સ્ટ ૬૨/૨૦૧૪ થી ગુનો દાખલ કરેલ, જે ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપી વિરુધ્ધની જંબુસર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલા ગુનાની સંપૂર્ણ તપાસ કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો મેળવીને તપાસના અંતે આ કામના આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનાં ગુનાની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

## (૩) કોર્ટ કાર્યવાહી :–

આ કામે ત. ક. અધિકારીશ્રી દવારા આરોપી સામે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યા બાદ આરોપીને સમન્સ કાઢવામાં આવતા

આરોપી તેમના વિધ્વાન વકીલશ્રી મારફત અદાલતની રૂબરૂ ઉપસ્થિત થતા આરોપીને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ સદર ગુનો સમન્સ ટ્રાયેબલ હોય તે મુજબની કાર્યવાહી અપનાવવામાં આવેલ અને આરોપીનું સ્ટેટમેન્ટ **આંક-૫** થી લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો, જેથી સદર કામ પુરાવા પર રહેલ.

## (૪) ફરીયાદપક્ષનો પુરાવો

ફરીયાદપક્ષ તરફે પોતાનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

### મૌખીક પુરાવો

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| ૧ | પંચસાહેદ અશોકભાઈ ખુમાનસિંહ સિંધાની જુબાની | ૨૯ |
| ૨ | પંચસાહેદ મયુદદીન અહેમદભાઈ સિંધાની જુબાની | ૩૪ |
| ૩ | પી.એસ.ઓ. કનુભાઈ રત્નાભાઈ પરમારની જુબાની | ૪૦ |
| ૪ | ફરીયાદી બાલુભાઈ રાવજીભાઈ કટારાની જુબાની | ૪૪ |
| ૫ | સાહેદ સંગુબેન બાલુભાઈ રાવજીભાઈ કટારાની જુબાની | ૪૭ |
| ૬ | સાહેદ સાજનબેન બાલુભાઈ રાવજીભાઈ કટારાની જુબાની | ૪૮ |

### દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૩૦/૪૩ |
| ૨ | ડેપ્યુટ હુકમ | ૪૨ |
| ૩ | ફરીયાદ | ૪૧/૪૫ |
| ૪ | પી.એમ. ના કરવા માટેનુ સંમતિ પત્રક | ૪૬ |

આ સિવાય ફરીયાદપક્ષે વધુ કોઈ પુરાવો આપવો ન હોય આંક–૫૧ થી કલોઝીંગ પુરસીસ આપી ફરીયાદપક્ષનો પુરાવો બંધ થયાનુ જાહેર કરેલ છે.

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીનું સી.આર. પી.સી. ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય, આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૬) દલીલો :–**

સદર કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી. વી. આર. પંચાલ તથા આરોપી તરફે વિ. વ. જે.એ.મિસ્ત્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) આ કામે ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતા હાલનાં કેસનાં નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

**<u>મુદ્દા નં.૧</u>**:– શું ફરીયાદપક્ષ એ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૭/૧૦/૧૪ ના કલાક ૯:૩૦ વાગ્યા સુમારે કાવી રોડ ઉમરા–નોબાર ગામના વચ્ચે રોડ ઉપર નાળા પાસે પોતાના હવાલાવાળુ ટ્રેકટર નં. જીજે–૧૬–એફ–૬૬૭નુ ગફલતભરી રીતે હંકારી રોડ સાઈડે મુકવા જતા ટેન્કર સાથેનુ ટ્રેકટર પલ્ટી ખવડાવી સાહેદ મુકેશભાઈ બાબુભાઈનાને ટ્રેકટર નીચે દબાવી દઈ મોત નિપજાવી, આરોપીએ ઈ.પી.કો કોડની કલમ–૨૭૯, ૩૦૪(અ),

૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આરોપીએ કર્યો છે ?

**મુદ્દા નં.૨**:– શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**–: નિર્ણયો :–**

**મુદ્દા નં. ૧** :– નકારમાં.

**મુદ્દા નં. ૨** :– આખરી હુકમ મુજબ

**–: કારણો :–**

**મુદ્દા નં.૧**

(૯) આ કામે ફરીયાદપક્ષે સૌ પ્રથમ પોતાના કેસના સમર્થનમાં આંક–૩૦ વાળા પંચનામાનાં પંચસાહેદ અશોકભાઈ ખુમાનસિંહ સિંધાને **આંક–૨૯** થી તથા પંચસાહેદ મયુદદીન અહેમદભાઈ સિંધાને **આંક–૩૪** થી તપાસેલ છે, સદર પંચ સાહેદો તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, પોલીસે એક તૈયાર લખાણમાં તેઓની સહી લીધેલ. પંચનામામાં સહી કર્યા સિવાય તેઓ કશુ જાણતા નથી. તેઓને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવતા હોય, પંચનામું **આંક–૩૦** થી રજુ કરવામાં આવેલ છે.

બંને સાહેદોની બચાવ પક્ષે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૦) ત્યારબાદ, ફરીયાદપક્ષે પી.એસ.ઓ કનુભાઈ રત્નાભાઈ પરમારને **આંક–૪૦** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, ગઈ તા. ૭/૧૦/૨૦૧૪ ના રોજ તેઓ જંબુસર પો.સ્ટે.માં

હે.કો. તરીકે ફરજ બજાવતા હતા અને તે દિવસે તેઓનો ચાર્જ પી.એસ.ઓ. તરીકેનો હતો. તે દરમ્યાન તેમના પો.સ્ટે.માં ફરીયાદી બાલુભાઈ રાવજીભાઈ કટારાનાઓની જંબુસર રેફરલ હોસ્પિટલમાં તેમના પો.સ્ટે.ના એ.એસ.આઈ.શ્રીાઓ રૂબરૂની ફરીયાદ લખાઈ આવતા જે અંગેની તેઓએ ફરીયાદ રજિસ્ટરમાં નોંધ કરેલી અને ગુના રજિસ્ટરમાં તેનો નંબર ફર્સ્ટ ૬૨/૧૪ ની આઈ.પી.સી. કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો પ્રાથમિક ગુનો ફલિત થતો હોય જે એફ.આઈ.આર. માં લખી તેની આગળની તપાસ તેઓએ તેમના પો.સ્ટે. ના પી.એસ.આઈ.શ્રી પી.એમ.ડામોર સાહેબનાઓને સદર ગુનાની આગળની તપાસ ફરીયાદ તથા ડેપ્યુટ હુકમ સાથે તેઓએ સોંપેલી. તેઓને પોલીસ તપાસના પેપરમાંથી અસલ ફરીયાદ બતાવતા તેને જોઈને તેઓ કહે છે તે તે જ ફરીયાદ છે. જેના ગુનાી તપાસ તેઓએ ફરીયાદ રજિસ્ટરે નોંધ કરી અને પોલીસ તપાસ અર્થે મોકલેલી. જે આંક–૪૧ થી રજુ રાખેલ છે. તેમને પોલીસ તપાસના પેપરમાંથી એક યાદી બતાવવામાં આવતા તે જોઈને તેઓ કહે છે કે, જે સદર ગુનાનો ડેપ્યુટ હુકમ છે જે તેઓએ આ ગુનાની તપાસ માટે પી.એસ.આઈ.શ્રી પી.એમ.ડામોર સાહેબનાઓને તપાસ કરવા સારૂ તેઓએ જે તે સમયે મોકલેલ તે હુકમ છે જેમાં તેઓની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. જે ડેપ્યુટ હુકમ આંક–૪૨ થી રજુ રાખેલ છે. તેઓ તેમની સાથે તે સમયે પો.સ્ટે.માં ફરજ બજાવતા પો.સ.ઈ. શ્રી. પી.એમ. ડામોરનાઓની સહી બતાવવામાં આવે તેઓ ઓળખી શકે. તેમને પોલીસ પેપર્સમાંથી એક અસલ પંચનામુ બતાવવામાં આવતા જે જોઈને તઓ કહે છે કે તે સદર ગુનાવાળી જગ્યાનુ પંચનામુ હોવાનુ જણાઈ આવે છે. પંચનામામાં પંચનામુ કરનાર પો.સ.ઈ. શ્રી ની સહી છે જે સહી છે તે પો.સ.ઈ. શ્રી. પી.એમ. ડામોરનાઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે આંક–૪૩ થી રજુ રાખેલ છે.

ત્યારબાદ તેઓ આરોપીનાં વિ.વ.શ્રીની ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, આ કામે ફરીયાદ દાખલ કર્યા બાદ તપાસનો હુકમ કરેલ તે સિવાય અન્ય કોઈ કામગીરી તેઓએ કરેલ નથી. પંચનામુ કોણે લખેલુ અને કોના અક્ષર છે તે તેઓ કહી શકે નહી.

(૧૧) આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં સૌપ્રથમ આ કામના ફરીયાદી મગનભાઈ ચંદુભાઈ રાઠોડને **આંક-૪૪** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તેઓને સંતાનમા બે દીકરા અને ત્રણ દીકરીઓ છે. દીકરાઓ નામે મુકેશભાઈ તથા સુરેશભાઈ છે તથા દીકરીઓ નામે સાજનબેન, ભુરીબેન અને લક્ષ્મીબેન છે. તેમના મોટા દીકરા મુકેશભાઈનુ લગભગ ૨૦૧૪ ના અરસામાં એક ટેન્કર ધ્વારા અકસ્માતથી મરણ થઈ ગયેલુ. તેમને તે ટેન્કરનો નંબર હાલ યાદ નથી. પરંતુ તે વર્ષમાં તેઓ મજુરી કામે જંબુસર રોડ ઉપર કામકાજ ચાલતુ હતુ ત્યારે તે કામમાં ટ્રેકટર અને ટેન્કર હતુ. તે ટ્રેકટર અને ટેન્કરનુ ટાયર ખાડામાં એકદમ આવી જતા નમી ગયેલુ અને તે કારણે તેમના દીકરાને તે ટ્રેકટરની ઉપરની છત તેના ગળાના નીચેના હિસ્સામાં આવી જતા દબાઈ ગયેલ અને ટેન્કરનુ અંદરનુ પાણી તેના મોમાં ઢોળાતા ત્યાંને ત્યાં તેનુ મરણ થઈ ગયેલ. તે દિવસે ટ્રેકરટર થી પહેલા સેન્ટીંગનો સામાન લાવવામાં આવેલો અને ત્યારબાદ પાણીનુ ટેન્કર તે ટ્રેકટરનો ડ્રાઈવર લાવેલો અને તે દિવસે મંગળવાર હતો અને આ ટ્રેકટરના ડ્રાઈવરને આ ટ્રેકટર ચલાવવા માટે માર્ગદર્શન કરી રહેલ હતો. તે ડ્રાઈવર નજીકના ગામનો જ હતો. તે બનાવને ઘણો સમય થયેલ હોય, ડ્રાઈવરને તેઓ ઓળખી શકે નહી. તેમના દિકરાનુ આ અકસ્માતમાં મરણ થતા તેને દવાખાને લઈ જવામાં આવેલો પરંતુ ત્યાં ડોકટરોએ તેનુ પી.એમ. કરવાનુ કહેલ પરંતુ તેઓએ ડોકટરોને ના પાડતા તેઓ પાસેથી લખાણ માંગતા તેઓએ લખાણ લખી આપેલુ. આ બનાવમાં બેદરકારી કોની હતી તે તેઓ કહી

શકે નહી કારણ કે તેઓ ત્યાં નજીકમાં મજુરી કરી રહયા હતા. તેથી તેમનુ તે તરફ ધ્યાન ન હતુ. બનાવ બાબતેની તેઓએ જંબુસર પો.સ્ટે. ફરીયાદ આપેલી. તેમને પોલીસ તપાસના પેપર્સમાંથી અસલ ફરીયાદ બતાવાવમાં આવતા તે જોઈને તેઓ કહે છે કે, તેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે આંક–૪૫ થી રજુ રાખેલ છે. તેમને પોલીસ તપાસના પેપર્સમાંથી એક અસલ સંમતિ પત્રક બતાવવામાં આવતા તે જોઈને તેઓ કહે છે કે, જે તેઓએ દવાખાનાના ડોકટરના સાહેબને લખી આપેલ હતુ તેમાં તેમની સહી છે તથા તેમની પત્નીના અંગુઠાનુ નિશાન છે. જે તેઓ ઓળખે છે. જે આંક–૪૬ થી રજુ રાખેલ છે.

સદર સાહેદની બચાવ પક્ષે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**(૧૨)** ત્યારબાદ, ફરીયાદપક્ષે સાહેદ સગુબેન બાલુભાઈ રાવજીભાઈ કટારાને **આંક–૪૭** થી તપાસેલ છે, તેઓને સંતાનમા બે દીકરા અને ત્રણ દીકરીઓ છે. દીકરાઓ નામે મુકેશભાઈ તથા સુરેશભાઈ છે તથા દીકરીઓ નામે સાજનબેન, ભુરીબેન અને લક્ષ્મીબેન છે. તેમના મોટા દીકરા મુકેશભાઈનુ લગભગ ૨૦૧૪ ના અરસામાં એક ટેન્કર ધ્વારા અકસ્માતથી મરણ થઈ ગયેલુ. તેમને તે ટેન્કરનો નંબર હાલ યાદ નથી. પરંતુ તે વર્ષમાં તેઓ મજુરી કામે જંબુસર રોડ ઉપર કામકાજ ચાલતુહતુ ત્યારે તે કામમાં ટ્રેકટર અને ટેન્કર હતુ. તે ટ્રેકટર અને ટેન્કરનુ ટાયર ખાડામાં એકદમ આવી જતા નમી ગયેલુ અને તેકારણે તેમના દીકરાને તે ટ્રેકટરની ઉપરની છત તેના ગળાના નીચેના હિસ્સામાં આવી જતા દબાઈ ગયેલ અને ટેન્કરનુ અંદરનુ પાણી તેના મોમાં ઢોળાતા ત્યાંને ત્યાં તેનુ મરણ થઈ ગયેલ. તે દિવસે ટ્રેકરટર થી પહેલા સેન્ટીંગનો સામાન લાવવામાં આવેલો અને ત્યારબાદ પાણીનુ ટેન્કર તે ટ્રેકટરનો ડ્રાઈવર લાવેલો અને તે દિવસે મંગળવાર હતો અને આ ટ્રેકટરના ડ્રાઈવરને આ ટ્રેકટર ચલાવવા માટે માર્ગદર્શન કરી રહેલ હતો. તે ડ્રાઈવર

નજીકના ગામનો જ હતો. તે બનાવને ઘણો સમય થયેલ હોય, ડ્રાઈવરને તેઓ ઓળખી શકે નહી. તેમના દિકરાનુ આ અકસ્માતમાં મરણ થતા તેને દવાખાને લઈ જવામાં આવેલો પરંતુ ત્યાં ડોકટરોએ તેનુ પી.એમ. કરવાનુ કહેલ પરંતુ તેઓએ ડોકટરોને ના પાડતા તેઓ પાસેથી લખાણ માંગતા તેઓએ લખાણ લખી આપેલુ. આ બનાવમાં બેદરકારી કોની હતી તે તેઓ કહી શકે નહી કારણ કે તેઓ ત્યાં નજીકમાં મજુરી કરી રહયા હતા. તેથી તેમનુ તે તરફ ધ્યાન ન હતુ. બનાવ કેવી રીતે બનેલો તે તેઓએ કે તેમના પરિવારના સભ્યોએ જોયેલ નથી. બનાવ બાદ તેઓને જાણ થતા તેઓ ત્યાં દોડી ગયેલા. બનાવ બાબતેની તેઓના પતિએ જંબુસર પો.સ્ટે. ફરીયાદ આપેલી. પોલીસે તેમનુ નિવેદન લીધેલુ.થાવરીબેન મુકેશભાઈ કટારા તેમની પુત્રવધુ થાય છે. તેણીની હાલમાં હયાત નથી. આશરે અગિયાર વર્ષ પહેલા મરણ ગયેલ છે. આ ટ્રેકટર પડી ગયેલુ તેની તેઓને બીજા વ્યકિતએ જાણ કરતા તેઓને જાણ થયેલી. બનાવ બન્યો ત્યારે તેમનો પુત્ર અને ટ્રેકટર ડ્રાઈવર સિવાય અન્ય ત્યાં કોઈ હાજર ન હતુ. તેમને આંક-૪૬ વાળો એક અસલ સંમત્તિ પત્રક બતાવવામાં આવતા તે જોઈને તેઓ કહે છે કે, જે તેઓએ દવાખાનાના ડોકટરના સાહેબને લખી આપેલ હતુ તેમાં તેમના પતિની સહી છે તથા તેમના અંગુઠાનુ નિશાન છે. જે તેઓ ઓળખે છે.

સદર સાહેદની બચાવ પક્ષે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**(૧૩)** ત્યારબાદ, ફરીયાદપક્ષે સાહેદ સાજનબેન બાલુભાઈ રાવજીભાઈ કટારાને **આંક-૪૮** થી તપાસેલ છે, તેઓ તેમના માતા પિતાના બે દીકરા અને ત્રણ દીકરીઓ એમ કુલ પાંચ સંતાન છે. તેમના મોટાભાઈ મુકેશભાઈ મુકેશભાઈનુ લગભગ ૨૦૧૪ ના અરસામાં એક ટેન્કર ધ્વારા અકસ્માતથી મરણ થઈ ગયેલુ. તેમને તે ટેન્કરનો નંબર હાલ યાદ નથી. પરંતુ તે વર્ષમાં તેઓ મજુરી કામે જંબુસર રોડ ઉપર કામકાજ ચાલતુ હતુ

ત્યારે તે કામમાં ટ્રેકટર અને ટેન્કર હતુ. તે ટ્રેકટર અને ટેન્કરનુ ટાયર ખાડામાં એકદમ આવી જતા નમી ગયેલુ અને તેકારણે તેમના દીકરાને તે ટ્રેકટરની ઉપરની છત તેના ગળાના નીચેના હિસ્સામાં આવી જતા દબાઈ ગયેલ અને ટેન્કરનુ અંદરનુ પાણી તેના મોમાં ઢોળાતા ત્યાંને ત્યાં તેનુ મરણ થઈ ગયેલ. તે દિવસે ટ્રેકટર થી પહેલા સેન્ટીંગનો સામાન લાવવામાં આવેલો અને ત્યારબાદ પાણીનુ ટેન્કર તે ટ્રેકટરનો ડ્રાઈવર લાવેલો અને તે દિવસે મંગળવાર હતો અને આ ટ્રેકટરના ડ્રાઈવરને આ ટ્રેકટર ચલાવવા માટે માર્ગદર્શન કરી રહેલ હતો. તે ડ્રાઈવર નજીકના ગામનો જ હતો. તે બનાવને ઘણો સમય થયેલ હોય, ડ્રાઈવરને તેઓ ઓળખી શકે નહી. તેમના દિકરાનુ આ અકસ્માતમાં મરણ થતા તેને દવાખાને લઈ જવામાં આવેલો પરંતુ ત્યાં ડોકટરોએ તેનુ પી.એમ. કરવાનુ કહેલ પરંતુ તેઓએ ડોકટરોને ના પાડતા તેઓ પાસેથી લખાણ માંગતા તેઓએ લખાણ લખી આપેલુ. આ બનાવમાં બેદરકારી કોની હતી તે તેઓ કહી શકે નહી કારણ કે તેઓ ત્યાં નજીકમાં મજુરી કરી રહયા હતા. તેથી તેમનુ તે તરફ ધ્યાન ન હતુ. બનાવ કેવી રીતે બનેલો તે તેઓએ કે તેમના પરિવારના સભ્યોએ જોયેલ નથી. બનાવ બાદ તેઓને જાણ થતા તેઓ ત્યાં દોડી ગયેલા. બનાવ બાબતેની તેઓના પિતાએ જંબુસર પો.સ્ટે. ફરીયાદ આપેલી. પોલીસે તેમનુ નિવેદન લીધેલુ. થાવરીબેન મુકેશભાઈ કટારા તેમની પુત્રવધુ થાય છે. તેણીની હાલમાં હયાત નથી. આશરે અગિયાર વર્ષ પહેલા મરણ ગયેલ છે. આ ટ્રેકટર પડી ગયેલુ તેની તેઓને બીજા વ્યકિતએ જાણ કરતા તેઓને જાણ થયેલી. બનાવ બન્યો ત્યારે તેમનો ભાઈ અને ટ્રેકટર ડ્રાઈવર સિવાય અન્ય ત્યાં કોઈ હાજર ન હતુ. તે સિવાય તેઓ બીજુ કાંઈ જાણતા નથી.

સદર સાહેદની બચાવ પક્ષે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**(૧૪)** ઉપરોકત મુજબનાં રેકર્ડ ઉપરનાં પુરાવાની વિ. વ. શ્રીઓની દલીલ સાથે સૌ પ્રથમ ફરીયાદપક્ષે મુખ્યત્વે મોટર એકસીડન્ટનાં કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીથી ડ્રાઈવિંગ કરવા બદલ દોષીત ઠરાવવા માટેનાં જે ધોરણો છે તેમાં સૌ પ્રથમ ફરીયાદપક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે, આરોપી ડ્રાઈવરે બેદરકારીથી અને ગફલતભરી રીતે પોતાનાં હવાલાવાળા વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો. ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતનાં પુરાવાનાં અભાવે માત્ર એરર ઓફ જજમેન્ટનાં આધાર ઉપર આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીથી ડ્રાઈવીંગ કરવા બદલ દોષીત ઠરાવી શકાય નહી.

આ બાબતમાં નામ. ઓરીસ્સા વડી અદાલતને ૧૯૯૪ ક્રિમીનલ લો–જનરલ, પાનાં નં. ૩૮૯ પર પ્રસિધ્ધ થયેલ બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટનાં કેસનાં ચુકાદામાં ઠરાવેલ છે કે,

(A) Penal Code (45 of 1860), S.279 – NEGLIGENCE – Rash and negligent driving – Offence under – Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness of error of judgement, not sufficient – Accident resulting in death ailure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high shpped, not sufficient – Accused entitled for acquittal.

(B) વધુમાં એમ પણ ઠરાવેલ છે કે, "Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose

of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgement. The essential ingredients of Section 279 are :

- Rash and negligent driving or riding on a public way.
- The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.

આમ હાલના કામના આરોપી વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબના ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે. જેથી આરોપી વિરુધ્ધના સદર ગુનાનું તહોમત સાબીત કરવા ફરીયાદપક્ષે મુખ્યત્વે નીચે મુજબના આવશ્યક તત્વો સાબીત કરવા પડે.

૧. જાહેર રસ્તા ઉપર વાહન ચલાવવું અથવા સવારી કરવી.
૨. બેફામ અથવા બેદરકારીપુર્વક વાહન ચલાવવું.
૩. જેના કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા વ્યથા થવાનો સંભવ હોય.

**(૧૫)** ઉપરોકત ગુનાહિત તત્વોને ધ્યાને લેતા ફરીયાદપક્ષ તરફે ઉપરોકત વિગતોએ ફરીયાદી તથા સાહેદોએ સોગંદ ઉપર જુબાની આપેલ છે તેનું ઝીણવટભરી રીતે મૂલ્યાંકન કરવામાં આવે તો, **આંક–૪૪** થી તપાસેલ ફરીયાદીનો પુરાવો તથા **આંક–૪૭** થી તપાસેલ સાહેદ સંગુબેન બાલુભાઈ રાવજીભાઈ કટારાનો તથા **આંક–૪૮** થી સાહેદ સાજનબેન બાલુભાઈ રાવજીભાઈ કટારાનો પુરાવો જોવામાં આવે તો, તેઓ પણ તેમની જુબાનીમાં અકસ્માત બનેલ અને તેમાં મુકેશભાઈનુ મરણ થઈ ગયેલ હોવાની હકીકત જણાવે છે, પરંતુ તેઓ તેમની જુબાનીમાં એમ પણ જણાવે છે કે, અકસ્માત કરનાર ડ્રાઈવર નજીકના ગામનો જ હતો, તે બનાવને ઘણો સમય થયેલ હોય, ડ્રાઈવરને તેઓ ઓળખી શકે નહી, આ બનાવમાં બેદરકારી કોની હતી તે તેઓ કહી શકે નહી કારણ કે તેઓ ત્યાં નજીકમાં મજુરી કરી રહયા હતા. તેથી તેમનુ

તે તરફ ધ્યાન ન હતુ. આમ, ઉકત ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી સદર બનાવ સમયે વાહનની ગતી શું હતી અને કોની કસુરથી અકસ્માત થયેલ તે હકિકત રેકર્ડ પર જણાઈ આવતી નથી. વધુમાં સદર કામે આંક–૩૦ વાળા પંચનામાના પંચસાહેદોને **આંક–૨૯ થી તથા આંક–૩૪** થી તપાસવામાં આવેલ છે, સદર પંચસાહેદોએ આંક–૩૦ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ ન હોય, સદર પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. જેથી આંક–૩૦ વાળુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પુરવાર થતુ નથી. વધુમાં **આંક–૪૦** થી તપાસેલ પી.એસ.ઓ.નો પુરાવો જોવામાં આવે તો, તેઓએ ફરજનાં ભાગરૂપે કરેલ કામગીરીનો પુરાવો આપેલ છે અને તેઓનાં પુરાવામાં ફરીયાદ **આંક–૪૧** થી તથા ડેપ્યુટ હુકમ **આંક–૪૨** થી તથા અસલ પંચનામુ **આંક–૪૩** થી રજુ થયેલ છે, જયારે તેઓ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં કબુલ કરે છે કે, આ કામે ફરીયાદ દાખલ કર્યા બાદ તપાસનો હુકમ કરેલ તે સિવાય અન્ય કોઈ કામગીરી તેઓએ કરેલ નથી. આ સિવાય તેઓએ બીજી આ ગુનાના કામે કોઈ કામગીરી કરેલ ન હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે.

વધુમાં બચાવપક્ષની ગુનાવાળી પંચનામુ **આંક–૩૦** તથા **આંક–૪૯** થી, પી.એમ. ન કરવાનુ સંમતિ પત્રક **આંક–૪૬** થી રજુ થયેલ છે, પરંતુ સદર દસ્તાવેજી પુરાવાની હકિકતો માની લેવામાં આવે તો પણ અકસ્માતમાં મુકેશભાઈનુ અવસાન થયેલ હોવાનું માની શકાય તેમ છે પણ સદર અકસ્માત કોની કસુર થી થયેલ તે હકિકત જણાઈ આવતી નથી. આમ, રેકર્ડ ઉપરનો તમામ પુરાવો એક સાથે જોવામાં આવે તો, બનાવ સમયે અને સ્થળે અકસ્માત થયેલાનું અને અકસ્માતમાં મુકેશભાઈનું અવસાન થયેલ હોવાની હકિકત ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે, પરંતુ સદર અકસ્માત સમયે અકસ્માતમાં સંડોવાયેલ વાહનની ગતિ શું હતી, ચાલક કોણ હતો અને કોની કસુરનાં કારણે અકસ્માત થયેલ તેવી કોઈ

હકિકત રેકર્ડ ઉપર આવવા પામેલ નથી તથા અકસ્માતમાં સંડોવાયેલ વાહન પુરઝડપે, ગફલતભરી રીતે અને બેદરકારીપૂર્વક હંકારવાનાં કારણે અકસ્માત થયેલ હોવાની હકિકત ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ નથી.

**(૧૬)** આમ, ઉપરોકત કરેલ વિગતવાર ચર્ચા તથા જણાવેલ કારણોસર ફરીયાદપક્ષે હાલનાં ગુનાનાં કામે મુખ્ય આવશ્યક તત્વો પુરવાર કરી શકેલ નથી તથા બનાવ સમયે, સ્થળે અને વિગતે હાલનાં આરોપીએ પોતાનાં કબજા ભોગવટાનું વાહન પુરઝડપે ગફલતભરી રીતે અને બેદરકારીપૂર્વક હંકારી મરણ જનારને ઈજાઓ પહોંચાડી મૃત્યુ નિપજાવેલાની હોવાની હકિકત શંકાથી પર પુરવાર થતી નથી અને ક્રિમિનલ જયુરીસપ્રુડન્સના પાયાનાં સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવા પાત્ર છે તે ઘ્યાને લેતા ફરીયાદપક્ષ પોતાના કેસની હકિકતો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય **મુદા નં. ૧** નો જવાબ ''**નકારમાં**'' ઠરાવી મુદા નં. ૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

(૧) આ કામનાં આરોપી **અમરસંગ બુધાભાઈ પઢિયાર,** ઉ. વ. પુખ્ત, ધંધો–ડ્રાઈવીંગ, રહે. ઉબેર ભોટુ વગો, તા. જંબુસર, જિ. ભરૂચનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ઈ. પી. કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સી.આર.પી.સી. કલમ–૪૩૭ (એ) અન્વયે આરોપીના જામીન તથા જાત મુચકરો અપીલના સમયે માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલના સમય માટે રૂા. ૧૦,૦૦૦/– નાં નવા જામીન તથા એટલી જ રકમનો જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તારીખ : ૧૫ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૧૫/૦૪/૨૦૨૬<br>સ્થળ : જંબુસર | **( એ. ડી. રાવ )**<br>એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, જંબુસર.<br>કોડ નં. જી.જે. ૦૧૪૮૦ |